International Journal of Enhanced Research in Educational Development (IJERED)
ISSN: 2320-8708, Vol. 11 Issue 3, May-June 2023, Impact Factor: 7.326

# માધવપુર

**પ્રો. રામ બાપોદરા**

(ગોઢાણીયા શૈ. સંકુલ)

---

## <u>પ્રસ્તાવના</u>

સંત, સુરા અને દાતારોની ખમિરવંતી આપણી આ ધરા છે. અહીં પાણે પાણે દેવ પુજાય છે. સ્વયં ઈશ્વરને પણ આ મલકના મહેમાન થવાની ઈચ્છા થઈ આવે તેવી આ ધરા છે.જે ધરા પર સાક્ષાત કૃષ્ણના પાવનકારી પગલાં થયા હોય તે ધરાનો ઈતિહાસ એ સુવર્ણ અક્ષરે લખાયેલ છે. ભજન, ભોજન અને ભક્તીનો ત્રિવેણીસંગમ અહીં જોવા મળે છે. અનેક સંતો મહંતોના ઉપદેશોના પગલે અહીંની પ્રજાએ પોતાની આગવી સંસ્કૃતિ અને સંસ્કારોનું જતન કર્યુ છે.

જે ધરા પર ભગવાન શ્રીકૃષ્ણના પાવનકારી પગલાં થયાં હોય ત્યાં અનેક ધાર્મિક કથાઓ શબ્દ સરીતારૂપે વહે છે. સમુન્દ્ર  કીનારાનું અદ્ભુત સૌન્દર્ય તથા થોડે દુર બરડા ડુંગરની પર્વતમાળા, તથા સોમનાથ મહાદેવનું સામિપ્ય અને તેમની વચ્ચે આવેલું વૃંદાવન સમું નાનકડું ગામ એટલે ‘માધવપુર’ગામ.જ્યાં સાક્ષાત ભગવાન શ્રીકૃષ્ણ હોવાના એંધાણ હાલ આપણને સાંપડે છે તેવું સ્વર્ગ સમું રળીયામણુ નાનકડું માધવપુર ગામ આવેલું છે. માધવપુર આધ્યાત્મિક તેજની ભુમિ છે.રામાનુજ મધ્વ
વલ્લભથી માંડીને નાથ, કબીર અને સહજાનંદની પરંપરાના અનેક સંતો ભક્તોથી આ ભુમિ નું સેવન થયું છે. આ સૌરાષ્ટ્રનું નાભીકેન્દ્ર છે. અનેક લેખકો અને કવિઓની કલમે આ ધરાના ગુણગાન ગાયા છે. તેમાંનું એક સ્થાનક કે ગામ એટલે માધવપુર. ભગવાન શ્રીકૃષ્ણ અને રુકમિણીના લગ્નની આ પાવન ભૂમિ છે.

**પ્રત્યેક વર્ષે યોજાતો ચૈત્રી મેળો ,**

**લોકસમાજે જાળવી રાખેલ વસંતોત્સવ છે !**

**અહીં દરેક જુવાન કૃષ્ણ છે,**

International Journal of Enhanced Research in Educational Development
(IJERED)
ISSN: 2320-8708, Vol. 11 Issue 3, May-June 2023, Impact Factor: 7.326

**દરેક યુવતી રુક્મિણી !**

આમ માધવપુરએ ભગવાન શ્રીકૃષ્ણ  અને રુકમિણીના પાવનકારી પગલાંની પુણ્ય અને પવિત્ર ભૂમિ છે. માધવપુર ગામ વિષયક પૌરાણિક ઈતિહાસ સમજતાં પહેલાં 'ઘેડ' વિષયક ઈતિહાસ સમજવો જરૂરી બને છે. કારણકે ઘેડના સંપૂર્ણ ઈતિહાસના પરિશીલન બાદ જ માધવપુર ગામ અને તેમના પુરાણ પ્રસિદ્ધ ઈતિહાસને પામી શકાય છે. પ્રકરણની શરૂઆત વેળા 'ઘેડ'  પ્રદેશના પુરાણ પ્રસિદ્ધ ભવ્ય ઈતિહાસ પર આલોચના કરી ત્યાર બાદ માધવપુર ઈતિહાસ વિશે પરીશિલન કરીએ. તેથી પ્રકરણની શરૂઆત વેળા 'ઘેડ' પ્રદેશ વિશે ઈતિહાસ આલેખવાનો ઉપક્રમ રાખેલ છે.

## પુરાણ પ્રસિદ્ધ માધવપુર'મેળો'

સૌરાષ્ટ્રમાં ત્રણ મેળા ખૂબ જાણીતા છે:   સુરેન્દ્રનગર જિલ્લામાં થાન નજીક તરણેતરનો  (ત્રિનેત્રેશ્વરનો)  કાર્તિક માસનો જુનાગઢ જિલ્લામાં ગિરનારની પશ્ચિમ તળેટીમાં ભવનાથનો શિવરાત્રીનો,  અને એ જ જિલ્લામાં સમુદ્રતટ પર આવેલા માધવપુર-ઘેડનો,  જે ચૈત્ર સુદિ નોમ-  રામનવમીથી શરૂ થઈ તે રસના મધ્યાહનેપૂર્ણ થાય છે.   સતત પાંચ દિવસ ચાલતો આ મેળો મુખ્યત્વે મેર અને ઘેડિયા કોળીઓની બહુલતા વાળો છે, જેમાં ઘેડના આહીરો, રબારીઓ અને વસવાયાં પણ ભાગ લેતા જોવા મળે છે. ગુજરાત -સૌરાષ્ટ્ર - કચ્છમાં  માધવપુર  (જુનાગઢ જિલ્લો -  જૂનોસોરઠજિલ્લો) જેમપ્રભાસ-પાટણમાં ભગવાન સોમનાથ મહાદેવના મહાત્મયથી મંડિત છે તેટલો જ ભગવાનશ્રીકૃષ્ણના વર્ષોથી ઊજવાતા રુકમિણી સાથેના વિવાહ મહોત્સવને ઊજવતો શ્રીમાધવરાયજી-ત્રિકમરાયજીના મહાત્મ્યથી મંડિત છે. ભગવાનશ્રીકૃષ્ણ વિદર્ભ દેશમાંથી રુક્મિણીનું હરણ કરી લાવ્યા અને યાદવોની રાજધાની દ્વારવતી-દ્વારકામા રુકમણીની સાથે ક્ષત્રિયોના રિવાજ પ્રમાણે એમનો વિવાહોત્સવ ઉજવાયો એવું પુરાણ પ્રસિદ્ધ છે.  શ્રીકૃષ્ણના દેહોત્સર્ગ સાથે દ્વારકા પણ જલ પ્રલયનો ભોગબન્યુંને સદાને માટે પાણી માંગરક થઈ ગયું.  આજનું દ્વારકાનું સ્થાન અસલ દ્વારકાના પૂર્વભાગના ઊંચાણ વાળા ભાગમાં ઈ.સ.ની ત્રીજી-  ચોથી સદી આસપાસ અસ્તિત્વમાં આવ્યું,  જ્યાં છઠ્ઠી સદીમાં પશ્ચિમ સૌરાષ્ટ્રમાં થઈ ગયેલા ગારુલકરાજવંશનું આધિપત્ય હતું.  આ રાજવીઓને એમના દાન શાસનોમાં 'દ્વારકાપતિ'  કહેવામાં આવ્યા છે.

આ પછી તો આઠમી સદીમાં મહાનશ્રીશંકરાચાર્યજી એ ભારત વર્ષમાં સ્થાપેલી ચાર પીઠોમાંની શારદા પીઠ આ દ્વારકામાં સ્થાપી. દ્વારકામાં ભગવાન શ્રીકૃષ્ણનો વિવાહોત્સવ મહત્વથી ઊજવાતો નથી,  ત્યારે માધવપુરઘેડમાં મહત્વથી ઊજવાય છે એ એક આશ્ચર્ય છે.   સૌરાષ્ટ્રમાં અસલ દ્વારકાના ડૂબેલા સ્થળની નજીક દ્વારકાનાં ચાર સ્થાનક હેવામાં આવે છે,  જેવા કે આજની દ્વારકા,  ત્યાંથી દક્ષિણ પૂર્વ આવતાં હરસિદ્ધિ માતાના ઇતિહાસ પ્રસિદ્ધ

મંદિર તીર્થને સામે કાંઠે આવેલા મિયાણી ગામથી પોરબંદરના રસ્તે નજીકમાં 'મૂળદ્વારકા' તરીકે કહેવામાં આવતું વિસાવાડા, ત્યાંથી એ દિશામાં આગળ વધતાં પોરબંદરને વટાવી ૫૬કિ.મી ઉપર સમુદ્ર તટ પર આવેલું માધવપુર- ઘેડ અને ત્યાંથી લગભગ એટલે જ અંતરે પ્રભાસ પાટણ પછી આગળ વધતાં કોડીનાર પાસે સમુદ્ર તટે ન્યંકુ (શીંગવડો) નદીના સંગમ ઉપરની મૂળદ્વારકા – આમાં ત્રણ સ્થળે દ્વારકાધીશની મૂર્તિઓ પૂજાય છે, આજની દ્વારકામાં વિખ્યાત જગત મંદિરમાં પુરાવૈભવથી સમગ્ર ભારત વર્ષમાં ભગવાનવિષ્ણુના

(૧)પૂર્વમાં જગન્નાથપુરીમાં શ્રીજગન્નાથજી

(૨) ઉતરી હિમાલયમાં બદ્રીનારાયણ

(૩) દક્ષિણેપંઢરપુરમાં શ્રીવિઠ્ઠોબા અથવા તિરૂપતિબાલાજીમાં તિરૂપતિજીઅને

(૪)પશ્ચિમેદ્વારકામાં શ્રીરણછોડરાય દ્વારકાધીશજી

(દ્વારકાની ઉતરે ત્રીસેક કિ. મી. ઉપર આવેલા ઓખા બંદર નજીક અખાતની નાનીપટ્ટી વટાવી સામે કાંઠે શંખોદ્વારબેટમાં પણ શ્રી દ્વારકાધીશજી અને તળ ગુજરાત ખેડા જિલ્લામાં ડાકોરના શ્રીરણછોડરાય દ્વારકાધીશજી પણ છે, પણ દ્વારકા સર્વસ્વિકૃત પ્રધાન સ્થાન છે). વિસાવાડામાં શ્રીદ્વારકાધીશનું મંદિર છે પણ સામાન્ય સ્થાન છે, કોઈ મહાત્મ્ય નથી. કોડીનાર પાસે નદીના સંગમને પશ્ચિમ સાથે એક નાના ટેકરા ઉપર નાનું મંદિર છે શ્રીદ્વારકાધીશની મૂર્તિ પણ છે, પણ કોઈ વિશિષ્ટ મહાત્મય નથી કે કોઈ યાત્રાર્થે ખાસ જતું નથી. માધવપુર-ઘેડમાં સોલંકી કાલનુંભગ્નાવશેષ મંદિર સમુદ્ર તટ ઉપરની એક ઊંચી ગઢીમાં છે, પણ એ ભગ્ન થઈ જતા આ મંદિરની પૂર્વ બાજુ વીસેક મીટર ઉપર એક નવું મંદિર બંધાવવામાં આવેલું, જેમાં શ્રીમાધવરાયજી - ત્રિકમરાજીની (આયુધોની દ્રષ્ટિએ બને તેવી ત્રિવિક્રમની) મૂર્તિઓ પ્રતિષ્ઠિત કરી પરંપરા ચાલુ રાખવામાં આવી હતી. એ સ્થળે એક શિલાલેખ ભગ્નદશામાં દીવાલમાં ચણાયેલો જોવા મળે છે, જે એ સ્થળે થયેલા એક નવા મંદિરનો ખ્યાલ આપે છે:

श्रीगणेशाय नमः संवत
१७९१ न वर्षे श्रावण वदी ५
पंचेम सम श्रीमंदिर श्रीमधवरायजीनु तथा श्रीत्रिकमरायजीनु.....नवु.......

અત્યારે જે મંદિર છે તે સર્વસામાન્ય પદ્ધતિના મંદિર સ્થાપત્ય પ્રકારનું નહોતાં,
પુષ્ટિમાર્ગીય મંદિર હવેલીઓના પ્રકારનું ગર્ભગૃહની આગળ ઓસરી અને પૂર્વમાં ખુલ્લોચોક, ચોકની ઉત્તર દક્ષિણે ઓસરી અને ચોકની પૂર્વબાજુ ત્રણ દ્વાર એની આગળ ૫ડ થાળ, આ જાતનું ‘તિબારીચોક’નું છે અને એ સં. ૧૮૯૬ના વૈશાખ સુધિ ૧૦ સોમવારના દિવસે પ્રતિષ્ઠિત કરેલું જેઠવા રાજવી વિક્રમાતજીના માતારાણી રૂપાળીબાએ બંધાવી આપેલુંછે. અંદર બિરાજતી બંને મૂર્તિ કિરીટ-મુગટવાળી ઉત્તર સોલંકી કાલની છે. આ વિષ્ણુમૂર્તિઓની એક વિશિષ્ટતા છે અને એ જમણો નીચેનો હસ્ત સીધો નહોતા ઊંચો કરેલો બતાવ્યો છે. બરોબર આવો જ પ્રકાર પ્રભાસ પાટણમાં ભગવાન શ્રીદેત્યસુદનનો છે, જે મૂર્તિ પણ સોલંકી કાલની છે. એ જ મંદિરમાં ચોકની ઉપરની દીવાલે વિષ્ણુની બે મૂર્તિઓની પૂર્વમાની

સામાન્ય પથ્થરની મૂર્તિમાં પણ આ પ્રકાર જોવા મળે છે, તો માધવપુરથી સમુદ્રકાંઠે ધોરી માર્ગમાં ત્રણ કિ. મી. ઉપર મધવંતી નદીના ઉત્તર કાંઠે આવેલ જૂના મંદિર સમૂહમાં સૂર્યમંદિરની સામે આવેલી નાની દેહરીમાંની પશ્ચિમાભિમુખ ઊભેલી સફેદ આરસની નાની વિષ્ણુ મૂર્તિમાં જોવા મળે છે. આ પાંચે મૂર્તિઓનો આ પ્રકાર ગુજરાત-સૌરાષ્ટ્ર-કચ્છમાં બીજે ક્યાંય જોવા મળ્યો નથી. માધવપુરનું જૂનું પૂર્વાભિમુખ ઊભેલું ભવ્યમંદિર સોલંકી કાલનું અને બંને મૂર્તિ પણ સોલંકી કાલની હોઈ આ સ્થળનું મહાત્મ્ય જૂનું કહી શકાય અને આશ્ચર્ય છે કે સિદ્ધપુરમાં રહી સં.૧૫૪૧માં ‘હરીલીલષોડશકલા’ શીર્ષકથી સમગ્ર ભાગવત ને ૧૬ ખંડોમાં આખ્યાન પદ્ધતિએ નિરૂપિત કરનારો અને પ્રભાસપાટણમાં રહી સં.૧૫૪૬માં કૃષ્ણમિશ્ર (૧૧મીસદી)ના સં.કૃષ્ણ ચંદ્રોદય નાટકનો ગુજરાતી ચોપાઈ બંધમાં ‘પ્રબોધચંદ્રોદય’ શીર્ષક નીચે અનુવાદ કરનારો ભીમ કેશવદાસ ‘હરીલીલષોડશકલા’ શ્રીકૃષ્ણના રુકમિણી સાથેના વિવાહનો પ્રસંગ ગાતી વખતે વિવાહ માધવપુરમાં થવાનો ઉલ્લેખ કરે છે:
જેમકે

દ્વારવતી ભણી સાંચારયા કેશવ બલભદ્ર વીર,
પુહુતા તે માધવપુરિ નગરી વસઈ સાગરતીર,
તિહા મહાનદી મધુમતી અતિ ઉછવ રૂપીણી વનમાંહિ,
હાથમેલા વુંહરિ તણું, હું રુકમિણી વિવાહ.

આ નાથી આપણે એટલું તો સમજી શકી એ કે માધવપુર ઘેડમાં કૃષ્ણ રૂકમિણિ વિવાહ કોઈ પ્રકારની ધામધૂમથી પાંચસો વર્ષ ઉપરઉજવાતો હશે અને લોકોમાં એને મેળાનું રૂપ પણ આપેલું જાણીતું હશે.
આજનું માધવપુર ‘માધવપુર-ઘેડ’ કહેવાય છે. જુનાગઢ જિલ્લાના ભાદર-ઓજત-મધવંતી નદીઓમાં પ્રવાહ માર્ગમાં સર્જાયેલો સમુદ્રઘેડ-પ્રદેશમાધવપુર-મેખડી-ખીરસરા વગેરેની લીટી એ લીટી એ મધવંતી નદીના દક્ષિણ કાંઠાના ભૂભાગથી શરૂ કરી થઈ ઉતરે કુતિયાણાથી પશ્ચિમે આગળ વધતા પશ્ચિમ તરફ લગભગ સીધીલીટી એ જતા પ્રદેશની વચ્ચેનો ચોમાસાના પાણીથી પાકતો નદીમા તૃક ભૂ ભાગ છે. પ્રમાણમાં મોટી વનસ્પતિ ઓછી પણ કાળા કાપવાળી આ સમુદ્ર જમીનનો જુનાગઢ જિલ્લામાં સમુદ્ર નજીકના બે ભૂ ભાગોમાં ઉત્તર તરફનો ‘ઘેડ’ કહેવાય છે અને પથરાળ દક્ષિણ તરફનો છેક ઊના-દેલવાડા સુધીનો ગીરની પહાડીની પશ્ચિમનો સમુદ્રકાંઠા સુધીનો ‘નાઘેર’ કહેવાયછે. સુપ્રસિદ્ધ વિહાર સ્થાન ચોરવાડ (વેરાવળ અને માંગરોળ વચ્ચે સમુદ્ર તટે આવેલું) ‘નાઘેર’ માં હોવાનું સુપ્રસિદ્ધ છે. એ પણ જાણીતું છે કે એની વૃક્ષો અને વાડીઓની સમૃદ્ધિને કારણે લોકોમાં‘ લીલીનાઘેર’ તરીકે આ ભૂ ભાગ જાણીતો છે. ઘેડનો ભૂભાગ ઊંડે મીટરો સુધી કાળી ફળદ્રુપમાટીના કાપનો પ્રદેશ છે, જ્યારે નાઘેરનો ભૂભાગ તો પથરાળ છે. આ પથરાળ જમીનના પેટાળમાં પાણીની બહોળ પહોવાથી નાળિયેરી, આંબા, કેળ, પપૈયા, સરગવા વગેરે ફળાઉ ઝાડોની અહીં વિપુલતાછે, તો અનેક પ્રકારના શાકની પણ અહીં વિપુલતા છે.
‘ઘેડ’ અને ‘નાઘેર’ સંજ્ઞાઓ પણ વિચાર માંગીલે છે. કચ્છ-વાગડ-માંરા પર નજીક 'ગેડી' કરીને એક નાનું જૂનું ગામ છે, જે નજીકની રવેચી માતાને કારણે પ્રખ્યાત છે. રવેચી માતાના મંદિરમાં અર્જુન દેવ વાઘેલાના

સમયના સં.૧૩૨૮ (ઈ.સ. ૧૨૭૨)ના એક શિલાલેખમાં સં.घृतघटी (ઘીનો નાનો ઘડો = ઘી ની વિપુલતા વાળી) શબ્દ સ્થાન માટેવપરાયેલો છે, જે શબ્દ પ્રા. घिअहडी દ્વારા 'ઘેડી' 'ગેડી' તરીકે ઊતરી આવે છે, જ્યાં જમીનની સમૃદ્ધિ-પશુઓની સમૃદ્ધિ પણ એવી કે ઘી મોટાપ્રમાણમાં સુલભ હોય.

આના સામ્યે 'ઘેડ' પ્રદેશને પણ એની સમૃદ્ધિ માટે સંમાં घृत-घट (ઘીનો ઘડો = ઘી જ્યાં ખૂબ થાય છે તેવો) પ્રા.घिअहड દ્વારા 'ઘેડ' કહી શકાય. 'નાઘેર' શબ્દ 'નાઘેડ' નથી એટલે 'ઘેડ નહીં તેના ઘેડ- નાઘેર કહી શકાય એમ નથી. આમાં નકારનો ભાવ નથી. મને લાગ્યું છે કે એને વિશાળ વનરાજીને કારણે સમુદ્રના બારેમાસ વાતા પવનને લઇ એમાં ઘેરો સતત અવાજ સંભળાયા કરતો હશે એટલે એની કોઈ વિદ્વાને સં. नाद- गभिर, પ્રા.नाअ-घइर સંજ્ઞાના આપી હોય, જે આપણને 'નાઘેર 'શબ્દ આપે. એ સ્ત્રીલિંગનો શબ્દ હોય તો नादगभिरा (भूमि) દ્વારા આવે. આવા સમુદ્ર-ભૂભાગની સંધિએ આવેલું માધવપુર ફરતે કોટની દીવાલવાળું બે દરવાજાનું નાનુ નગર છે. એક દરવાજો પૂર્વ દિશાએ છે, જ્યારે બીજો દરવાજો ઉત્તર દિશાએ ગદાવાવ પાસે આવેલો છે. ગામના નૈઋત્ય ખૂણે ઢસાઉપરની ગઢી વાળો ભાગ ઊચાણ ઉપર છે. ત્યાંથી ત્રણે દિશાએ ઢાળ પડતા ભાગોમાં વસાહત વિકસી છે. ભારે રેલ આવે ત્યારે કોટની ઉત્તર દીવાલ ઉપર થઈને રેલનાં પાણી ગામમાં આવી નિચાળનાં મકાનોમાં ત્રણચાર મીટર જેટલા ફરી વળે અને મકાનોનાની ચલા વાસ પાણીમાં ગરકાવ થઈ જાય. ૧૯૧૩માં એક મોટી રેલે મોટા ભાગના ઘેડ વિસ્તારને પાણીમાં ડુબાડ્યો હતો ત્યારે ઉત્તરની દીવાલ ઉપરથી હોડીઓ પસાર થઈ હતી એટલું પાણી આવ્યું હતું. ગયા વર્ષે ચોમાસાના આરંભે ઓજત અને મધવંતીની આવે લખતરના કરે લતો પેલી રેલ કરતાં પણ બેક મીટર ઊંચી સપાટી એ આવી હતી અને ગદાવાવના દરવાજાની કમાનની ટોચ માત્ર અડધાથી પણ ઓછા મીટરની બાકી રહી હતી. ગામની ગદાવાવના દરવાજાથી લઈ ડાબી બાજુની ધાર સમુદ્રકાઠો છે.

ત્રણ કિ.મીના એ સમુદ્રકાંઠાની સમાંતર પાંચ થી છ ચોરસ કિ. મીટરના વિસ્તારમાં નીચાણવાળી ફળદ્રુપ સપાટ જમીન મધવંતીના દક્ષિણ કાંઠાથી આવેલી છે, જેને એના આકારને કારણે 'કુંડુ'

કહેવામાં આવે છે એમાં મોટું એક પણ ઝાડ નથી, પણ પીતની જમીન હોઈ ચોમાસા સિવાયના આઠેમાસ હરિયાળી રહે છે, ચોમાસામાં ત્યાં પાણી ફરી વડે છે. આ કુંડાંની પૂર્વ બાજુએ અગ્નિકોણ તરફથી બેઠા ઘાટની પર્વતીય ધાર ચાલી આવે છે, જેની તળેટીમાં બગીચા, નાળિયેરીઓ અને આંબાઓથી સમૃદ્ધ છે,

જેને જ કારણે જૂના સમયથી એ 'રૂપેણવન' તરીકે જાણીતું છે કુંડાની પૂર્વે આવેલી ધારમાં નીલકંઠ મહાદેવનું મંદિર અને બોધકાલીન અવશેષો ધરાવતી નાની ગુફા અને થોડા બીજા ભાગ્નાવશેષ છે. એની પશ્ચિમેં રુકમિણીની 'ચોરી 'નું સ્થાનછે, અને એના પ્રાંગણમાં ચોકમાં પર્વ પૂર્વમથાળે અલગ 'મહ્યરા'નું સ્થાન છે. આ સ્થાપત્યની ઉતરે ઐતિહાસિક અવશેષ ધરાવતો કદૈમકુંડ છે અને એના અગ્નિખૂણે શ્રીવલ્લભાચાર્યજીમહાપ્રજીની ૮૪ બેઠકોમાંની એક બેઠક આવેલી છે. આજે જ્યાં નવું બસ સ્ટેશન આવેલું છે તે ચાલી આવતી ધારના રેતીના ઢસામાં તે મરુકમિણીની ચોરીથી લંબાયે જતી એ ધારના ઉત્તર ભાગના જરા ઊંચાણવાળા ભાગમાં ક્ષત્રપ કાલીન કોઈ પ્રાચીન નગર હોવાની શક્યતા છે.

માધવપુર ગામ કેટલુ જૂનું છે એ જાણવાનું આપણી પાસે કોઈ ઐતિહાસિક પ્રાચીનતમ પ્રમાણ નથી, પરંતુ ભગ્નાવશેષ મંદિર અને એમાં હતી તે શ્રીમાધવરાયજી -ત્રિકમરાજીની મૂર્તિનું શિલ્પ એને ઈ. સ. ને ૧૩મી સદીમાં અંદાજે લઈ જાય છે. એક શિલાલેખ પણ સંભવત સં.૧૩૧૯ (ઈ.સ.૧૨૬૩) નો કોઈ કુ'રપાલ ગોહિલના સમયનો જાણવામાં આવ્યું છે. વિષ્ણુનુંનામ 'શ્રીમાધવરાયજી' હોય ને ગામના નામ ઉપરથી 'માધવપુર' છે કે 'શ્રીમાધવરાયજી'ના નામ ઉપરથી 'માધવપુર' કહ્યું છે એ વિશે નિશ્ચયાત્મ કરી તે કહી શકાય એમ નથી.

નોંધપાત્ર એ છે કે માધવપુર જૂનાગઢના બાબી નવાબોની સત્તામાં હતું તે વખતે માંગરોળ સહિતના ઘેડના આ વિસ્તારની દેસાઈગીરી માંગરોળમાં રહેતા દસાશ્રીમાળીવૈષ્ણવ દેસાઈ અવટંકના વણિકોની પાસે હતી. આ દેસાઈઓમાંના શ્રીસુંદરજી દેસાઈએ સમય સૂચકતા વાપરી વિગ્રહને અંતે નવાબ સરબુલંદખાન અને રાણા ખીમોજી વચ્ચે સંધિ થતા માધવપુરનું વેચાણ બરડા વિસ્તારના એ જેઠવા રાજવીને કરી આપ્યું. આમ આ તીર્થ પણ ત્યારથી જેઠવા રાણાઓની સત્તા નીચે આવતા સુરક્ષિત થઈ ગયું. માધવપુરના જુના મંદિરના નાશે નવું નાનું મંદિર થયેલું તેને સ્થાને જેઠવા રાણીરૂપાળીબાએ નવેસરથી પુષ્ટિ માર્ગીય કોટિનું મંદિર શિખર રહિત બનાવડાવ્યું એના મૂળમાં સતા પરિવર્તનનું શુભકારણ હતું એ સમજી શકાય એવી વાત છે. જૂનાગઢની સત્તા નીચે હતું ત્યારે અને જેઠવાઓની- રાણાઓની સત્તા નીચે હતું ત્યારે પણ માધવપુર તીર્થસ્થાન ચાલુ રહ્યું હતું અને મેળો પણ ચાલુ રહ્યા કર્યો હતો.
એક ધ્યાન ખેંચે તેવીવાત છે કે શ્રીકૃષ્ણના રુકમિણી સાથે વિવાહ વર્ષમાં બેવાર ઊજવાય છે
(૧) કાર્તિક સુદિ ૧૨ અને
(૨) ચૈત્ર સુદિ ૧૨.
કાર્તિકમાં મેળો નથી થતો અને લગ્નોત્સવ પણ એક દિવસ પૂરતો થાય છે,
પરંતુ નવમીથી દરેક રાતે શ્રીમાધવરાયજી-ત્રીકમરાયજીની ગોદમાં બિરાજતા નાના ઠાકોરજી શ્રીગોપાલલાલને રવાડીમાં પધરાવી કીર્તિનીયા કીર્તન ગાતા હોય છે તે રીતે ફુલેકું ચડે છે પૂર્વના દરવાજા બહાર ઉત્તર બાજુના પુરાણા બ્રહ્મકુંડના પૂર્વકાંઠા ઉપર લાવવામાં આવે ત્યાં સુધી ઠપ્પે ઠપ્પે કીર્તન થાય, પછી ભોગ આવે અને ભોગ સર્યા પછી ચોરે લાવી ત્યાંથી કીર્તન કરતા કરતા દસ- અગિયાર વાગ્યે મંદિરના પ્રાંગણમાં રવાડી આવતા પ્રભુને મંદિરમાં પધરાવવામાં આવે. બારસને દિવસે બપોર પછી ચારેક વાગ્યે કીર્તનો કીર્તિનીય ઠપ્પે ઠપ્પે ગાતા જાય અને વાદિત્રો તેમજ સ્ત્રીઓના મંગલ ગીત સાથે કર્દમ કુંડ પાસે એ વનવિસ્તાર 'રુપેણવન'માં રવાડીમાં શ્રીગોપાલલાલને પધરાવવામાં આવે. મંદિરમાં જ બિરાજતા રુકમણીના સ્વરૂપને કર્દમકુંડની પશ્ચિમે આવેલા જુના મઠમાં અગાઉથી પધરાવવામાં આવે એ- રુકમણીના પિતાના સ્થાન તરીકે ગણીને અને ઠાકોરજી ચોરી વાળા મકાનમાં પધારતા પેલા મઠથી રુકમિણીને પધરાવવામાં આવે. ત્યાં ચોરીમાં વૈદિક વિધિથી ગોધૂલિકવેળાએ લગ્નોત્સવ ઉજવાય અને દંપતીને મહારામાં પધરાવ્યા પછી તરત જ રવાડીમાં માધવપુરગામના ચોરા સુધી રાત્રિના આરંભે આઠેક વાગ્યે લાવવામાં આવે, જ્યાંથી કીર્તનિયા કીર્તિનો ઠપ્પે ઠપ્પે ગાતા આવે અને લગભગ દસેક વાગ્યે દંપતીનું મંદિરના પ્રાંગણમાં પ્રવેશતા

પોખણું થાય અને નિજમંદિરમાં દંપતીને પધરાવવામાં આવે. કાર્તિકના અને ચૈત્રના લગ્નોત્સવની બારસે ઠાકોરજી પરણવા ચડે તે પહેલાં રુકમિણીના પિતાના મઠથી મઠના પૂજારી અને અન્ય માણસો ઘોડેસવારીથી ગઢીના મંદિરમાં સામૈયું કરવા આવે છે એ નોંધવા જેવું છે. ચૈત્ર સુદિ ૧૨નો થતો લગ્નોત્સવ વિશિષ્ટ રીતે ઉજવાય છે.

રામનવમીના દિવસથી માધવપુરના પૂર્વના દરવાજા બહાર, ગદાવાવના દરવાજા તરફથી આવતા રાજ્ય-ધોરી માર્ગની ઉત્તર બાજુના જરા નિચાળ વાળા સપાટ વિસ્તૃત પાદરમાં, વચ્ચે દક્ષિણ ઉત્તરનો પહોળો ભાગ ખુલ્લો રાખીને બેઉ બાજુ રાવટીઓમાં દુકાનો ગોઠવાઈ ગઈ હોય, નાના નાના તંબુ પણ નખાઈ ગયા હોય, એ રીતે મેળાનો આરંભ થાય. કાર્તિકની જેમ જ રામનવમીથી દરેક ચડ તીરા તેરવાડીમાં શ્રીગોપાલલાલજીનું ફૂલેકું ચડે અને બ્રહ્મ કુંડ જઈ રાબેતા મુજબ મંદિરે આવે. ત્રીજું ફુલેકું અગિયારસનું થાય. મેળાના પ્રસંગે ગઢીમાંના નવા મંદિરના વિશાળ પ્રાંગરણમાં શમિયાનો નાખવામાં આવે છે. ચૈત્ર સુદિ બારસના દિવસે આશમિયાના નીચે પહેલાં રવાડીમાં, અત્યારે છેલ્લાં કેટલાંક વર્ષોથી લાકડાના બે ઘોડાવાળો રથ છે તેમાં, શ્રીગોપાલલાલને પધરાવવામાં આવે છે અને ઠેલા મારતાં મારતાં કીર્તનિયા ઠપ્પે ઠપ્પે કીર્તન ગાતા જાય એ રીતે ઢોલ-શરણાઈ અને સ્ત્રીઓના લગ્નગીતો સાથે,

ગામની મુખ્ય બજારમાંથી પસાર થાય અને કાર્તિકના ક્રમ પ્રમાણે જ, મેળાના માર્ગમાંથી આગળ વધી રૂપેણવનમાં આવે.

કીર્તનો કૃષ્ણ- રુકમિણીના વિવાહ પ્રસંગમાં જ ગાવામાં આવતા હોય છે. કાર્તિકમાં અને ચૈત્રમાં બંને સમયે પૂર્વના દરવાજામાંથી૦૦૦ બહાર નીકળી બજાર વટાવી રૂપેણવન તરફ જવા ડાબે હાથે વળાંક લે છે ત્યાં ગવાતું ગુજરાતી કીર્તન પણ યાદવો ઉપર આવતા આક્રમણનો પ્રસંગ ખડો કરે છે જેમાં શત્રુ યોદ્ધાઓને પરાસ્ત કરી કૃષ્ણ અને એમના યોદ્ધા ઝડપથી દોડી જાય છે એ ભાવ રજૂ થાય છે. રવાડીમાં હોય તો રવાડીને અને રથમાં હોય તો રથને ઝડપથી પાધરવી અડધો કિ.મી. ઉપર આવેલા 'હેમાળાનાવડ' તરીકે જાણીતા સ્થળે થોભાવવામાં આવે છે.

અહીં હવે ઠાકોરજીને રવાડીમાં પધરાવી ત્યાંથી કીર્તનિયા ફરી કીર્તનો ઠપ્પે ઠપ્પે ગાય છે અને એ રીતે રૂપેણવનમાં દાખલ થઈ 'ચોરી' ના સ્થળે પહોંચે છે. કાર્તિકની જેમ જ રુકમિણીને એના પિતાના ગણાતા મઠમાં પધરાવવામાં આવે છે, જ્યાંથી 'ચોરી' ના સ્થળે લાવવામાં આવે છે. હવે અહીં ઠાકોરજીનું પોંખણું થયા પછી ચોરીમાં પધરાવી, તરત રુકમિણીને પણ પધરાવી વૈદિક વિધિથી કન્યાદાન અને પંચયજ્ઞ-સપ્તપદી વગેરે પૂરાં થયે સામે આવેલા 'મહ્યરામાં' દંપતીને પધરાવવામાં આવે છે. આખી રાત્રી ત્યાં બિરાજયા પછી સવારે નવ-સાડા નવ વાગે કીર્તનિયા આવી પહોંચે છે અને ગુલાલથી દંપતીને ખેલાવ્યા પછી રવાડીમાં પધરાવવામાં આવે છે. કીર્તનિયા ઉઘાડા પગે ઠપ્પે ઠપ્પે કીર્તનો ગાતા આવે છે.

ત્યાં ડાકોર દંપતીને સુંદર ભવનના બગીચામાં પધારાવ્યા પછી ભોગ આવે છે અને ભોગ સર્યે બૈરાં આરતી કરે છે એ પછી કીર્તનિયા પાધરના ઉત્તર ભાગે આવેલાએ સુંદરભવનમાં અડધો કલાક વિશ્રામ લે છે અને પછી લગભગ મધ્યાહ્નના બાર આસપાસ પાધરની ઉત્તર કિનારીએ આવેલા પાણીના ખેતર ઉઘોળિયાથી કીર્તન શરૂ કરે છે. બપોરના બળતા તડકા નીચે ઉઘાડે પગે પુષ્ટિ માર્ગી હવેલી સંગીત પદ્ધતિએ ગુલાલની ઉડતી છોળો વચ્ચે, જુદે જુદે ઠપ્પે કીર્તન ગાતા કીર્તનિયા દોઢ- બે વાગ્યા આસપાસ પૂર્વના દરવાજામાં પ્રવેશ કરે છે, જ્યાંથી ગામની બજારમાં એ જ રીતે ઠપ્પે ઠપ્પે કીર્તન કરતા મંદિરના પ્રાંગણમાં આવે છે અને નવદંપતીનું વિધિપૂર્વક પોંખણું કરવામાં આવે છે. એ પછી મંદિરમાં પધાર્યા બાદ' દોરડોછોડવાનુંપદ' ગવાયા પછી શ્રીમાધવરાયજી-ત્રિકમરાયજીની ગોદમાં શ્રીગોપાલલાલ અને રુકમિણી બિરાજતાં હોય એ રીતે દર્શન કરાવવામાં આવે છે.

આવરણાગી દરમિયાન દસેક કિ.મી. ઉપર આવેલા કડછ ગામથી 'કડછા' શાખાના મેર જવાનો ઘોડે સવારી કરી મેળામાં આવતાં મેળો સમાપ્ત થાય છે. પાંચેક વાગ્યા સુધીમાં તો મેળાના સ્થાને રાવટીઓ લગભગ સંકેલાઈ ગઈ હોય છે અને લઈ જવાના માલસામાનથી ગાડાં તેમજ ટ્રકો ભરાવા લાગે છે.
આ પહેલાં બતાવ્યું છે તેમ આ મેળો મુખ્યત્વે મેર અને કેટલેક અંશે ઘેડિયા કોળીઓનો છે. અગાઉ ગાડાં કરીને ચાર રાત્રિ માટે લોકો આવતાં પાદરના ખેતરોમાં ઉઘાડામાં મુકામ કરતાં;
પાંચ દિવસનું ભાતું પણ સાથે જ હોય.
રાત્રિના સમયે ઠેરઠેર બહેનો મળી ચક્કારે મોડી રાત સુધી રાસડા ગાય,
જુવાનિયા પણ ઠેર ઠેર ટોળે મળી સોરઠી દુહાઓની રમઝટ બોલાવે,
કેટલાક જુવાનો દાંડિયા રાસ ખેલે.
ક્યાંક વળી રાતે રામ લીલા જેવા કાર્યક્રમ પણ યોજાય. ભજનમંડળીઓમાં ભજનિકો ભજનો કરતા હોય એ પાંચે દિવસ આ રીતે નિર્દોષ આનંદ પ્રમોદમાં વીતે.
શ્રીકૃષ્ણ-રુકમિણીના લગ્નોત્સવનો પ્રસંગ હોઈ છેલ્લા બે દિવસોમાંના ઘેર અને ઘેડના પંથકોમાંથી બ્રાહ્મણ, વાણીયા, લોહાણા , ખત્રી વગેરે વર્ગના લોકો દર્શનાર્થે આવે.
સ્વરાજ મળ્યા પછી બસો અને ટ્રકોની વ્યવસ્થા હોઈ હવે રાત થોડા લોકો રહે છે. એવું કરે છે કે સવારે આવે અને રાતે પાછાં જાય . આમ પાંચ દિવસ કરે.
આ મેળામાં પાંચ દિવસમાં લાખથી વધુ લોકોની અવર-જવર થાય છે. ગ્રામીણ લોકોનો હેતુ મેળો માણવાનો છે, સંસ્કારી લોકોનો હેતુ શ્રીકૃષ્ણ – રુકમિણીના લગ્નોત્સવના દર્શન કરી કૃતાર્થ થવાનો છે.
મેળાના બધા દિવસ પોલીસ-વ્યવસ્થા પોરબંદર રાજ્ય વખતે પણ હતી અને અત્યારે પણ જુનાગઢ જિલ્લા તરફથી છે. તોફાન કે કોઈ ગંભીર ગુનાનું મારા લાંબા અનુભવમાં, ખાસ જાણવામાં આવ્યું નથી એ નોંધવું જોઈએ .

[માધવપુર-ઘેડથી પૂર્વ બાજુ માંગરોળના માર્ગે 'મૂળમાધવપુર' નામનું નાનું ગામડું છે ત્યાં ખાલી અપુજ એક વિષ્ણુ મંદિર છે, જેના ઘુમટનું અંદરનું શિલ્પ ઉંચકોટીનું છે ને પ્રવેશનાં પગથિયાં ઉપરની છતનું નાગદમનનું શિલ્પ પણ એટલું જ ભવ્યછે, પરંતુ આ મંદિર પંદરમી સદીથી વધુ જૂનું લાગતું નથી.]

## સંદર્ભ

[1]. **માધવપુર ઘેડ (પુસ્તક)**
[2]. **નરોત્તમ પલાણ**
[3]. **નાથાલાલ રૈયારેલ**
[4]. **કાઠીયાવાડ સર્વસંગ્રહ - ૧૮૮૬**